રાજ્ય પરીક્ષા બોર્ડ - ગાંધીનગર દ્વારા લેવામાં આવતી
પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ઉપયોગી...

# P.S.E.

## Primary Scholarship Examination

# અલંકાર વિદ્યાર્થીમિત્ર

[ પ્રેક્ટિસ વર્ક, સ્વાધ્યાયપોથી અને માર્ગદર્શિકા ]

### વિશેષતાઓ

- ખૂબ જ ઓછા સમયમાં સંપૂર્ણ તૈયારી કરવા માટેનું પુસ્તક
- NCERT મુજબ નવા અભ્યાસક્રમ પ્રમાણે
- 2020 અને 2021ના પ્રશ્નપત્રોના સોલ્યૂશન સાથે
- મહાવરા માટે કુલ 1800* પ્રશ્નો
- વર્ષ 2019ના પ્રશ્નપત્રનો QR

પરીક્ષાલક્ષી સંપૂર્ણ તૈયારી કરવા માટે Google Play Store પરથી **Alankar Exam World** એપ્લિકેશન ડાઉનલોડ કરો.

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ : | |
| વર્ગ : | હાજરી નંબર : |
| શાળાનું નામ : | |
| વર્ગ શિક્ષકશ્રીનું નામ : | |

010422
Z-24

અલંકાર પબ્લિકેશન
Contact us.
9726437575
alankarpublication@yahoo.com
www.alankarpublication.com
like us : alankarpublication

Alankar® Publication

M.R.P.:₹ : 90-00

# પ્રસ્તાવના

હાલના સમયમાં **કારકિર્દી ઘડતર માટે** માત્ર અભ્યાસિક બાબતો જ નહીં પણ તેની સાથે-સાથે સામાન્ય જ્ઞાનની પણ જરૂર રહે છે. પ્રાથમિક શાળાના બાળકોમાં નાની ઉંમરથી જ આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કઈ રીતે કરાય ? તે અંગેની સભાનતા આવે તે ઉદ્દેશ્યથી દર વર્ષે **ધો.6ના બાળકો માટે** રાજ્ય પરીક્ષા બોર્ડ - ગાંધીનગર દ્વારા "પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા" લેવામાં આવે છે. જેનું અંગ્રેજી નામ Primary Scholarship Examination છે. જેને ટૂંકમાં P.S.E. તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પરીક્ષા ગુજરાત રાજ્યની **સરકારી, ગ્રાન્ટેડ કે નોનગ્રાન્ટેડ એટલે કે તમામ પ્રકારની શાળાઓમાં** હાલમાં ધો.6માં અભ્યાસ કરતા બાળકો આપી શકે છે. પરીક્ષાની જાહેરાત બહાર પડે એટલે તેનું આવેદનપત્ર ઓનલાઈન ભરવાનું હોય છે. સામાન્ય રીતે નવેમ્બરથી ડિસેમ્બર માસમાં આ પરીક્ષા લેવાતી હોય છે, પરંતુ ચાલુ વર્ષે કોરોનાની પરિસ્થિતિના લીધે તેમાં ફેરફાર થવાની પૂરેપૂરી શક્યતા છે.

આ પરીક્ષામાં **કુલ 200 ગુણનું એક પ્રશ્નપત્ર હોય છે.** જેમાં કુલ ચાર વિભાગ હોય છે. દરેક વિભાગમાં 50 પ્રશ્નો પૂછાય છે. જે દરેકનો એક-એક ગુણ હોય છે. આ ચાર વિભાગો અનુક્રમે **(1) ભાષા (2) સામાન્ય (3) ગણિત અને (4) પર્યાવરણ / વિજ્ઞાન** હોય છે. સામાન્ય રીતે ધોરણ : 3 થી 5ના પાઠ્યપુસ્તકોમાંથી આ પ્રશ્નો પૂછવામાં આવે છે. સમગ્ર તાલુકામાં અન્ય બાળકોની સરખામણીમાં આપણું સ્થાન ક્યાં છે ? તેની સમજ મેળવવા પણ આ પરીક્ષા ઉપયોગી બની રહે છે. સમગ્ર રાજ્યમાંથી શ્રેષ્ઠ **1000 બાળકોને શિષ્યવૃત્તિ** આપી પુરસ્કૃત કરાય છે.

આ પુસ્તકમાં આ પરીક્ષાની તૈયારી કરી રહેલા બાળકોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ચારેય વિભાગમાં કેવા પ્રકારના પ્રશ્નો પૂછાય છે તેમજ તેનો ઉકેલ કઈ રીતે મેળવાય તે અંગે પૂરતી સમજ અપાઈ છે. આ ઉપરાત છેલ્લા બે વર્ષમાં આ પરીક્ષામાં **પૂછાયેલા પ્રશ્નપત્રો** અહીં ઉકેલ સાથે રજૂ કરવામાં આવ્યા છે. આમ, એકંદરે 1400 થી વધુ પ્રશ્નો આ પુસ્તકમાં મહાવરા અર્થે મૂકવામાં આવ્યા છે. આ રીતે આ પુસ્તક ખૂબ જ ઓછા સમયમાં બાળકોને પરીક્ષા માટે સજ્જ બનાવવાનું કાર્ય કરશે એવી અમને શ્રદ્ધા છે.

વિદ્યાર્થીઓને સહાયરૂપ થાય તેવું પુસ્તક તૈયાર કરવામાં મદદરૂપ થયેલ સૌનો હૃદયપૂર્વક આભાર.

— લેખક અને પ્રકાશક

# અનુક્રમણિકા

વર્ષ 2019ના પ્રશ્નપત્રનો QR


| ખંડ | ક્રમ | વિભાગ / પ્રકરણ | પા.નં. |
|---|---|---|---|
| 1 | * | ભાષા | 3 |
| 1 | 1 | સર્જક અને સર્જન | 3 |
| 1 | 2 | કૃતિ અને સાહિત્યકાર | 5 |
| 1 | 3 | શબ્દસમૂહ માટે એક શબ્દ | 5 |
| 1 | 4 | જોડણી | 8 |
| 1 | 5 | શબ્દકોશનો સાચો ક્રમ | 10 |
| 1 | 6 | રૂઢિપ્રયોગ અને તેના અર્થ | 11 |
| 1 | 7 | સમાનાર્થી શબ્દો | 13 |
| 1 | 8 | વિરુદ્ધાર્થી શબ્દો | 14 |
| 1 | 9 | વિરામચિહ્નો | 15 |
| 1 | 10 | વ્યાકરણ | 16 |
| 2 | 1 | સામાન્યજ્ઞાન | 20 |
| 3 | 1 | ગણિત | 32 |
| 4 | 1 | પર્યાવરણ/વિજ્ઞાન | 44 |
| * | | પ્રશ્નપત્રો | 57 |
| * | | | |



No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

## 1. સર્જક અને સર્જન

ગુજરાતી વિભાગમાં પાઠ/કવિતાના લેખક/કવિ કોણ છે ? એ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવતાં હોય છે.
આ માટે અહીં ધો.3 થી 5 ગુજરાતી વિષયના તમામ એકમોનો સમાવેશ થઈ જાય તેવા પ્રશ્નો રજૂ કરેલ છે.

**1. 'પર્વત તારા' કાવ્યના રચયિતા કોણ છે ?**
(A) સુરેશ દલાલ (B) સ્નેહરશ્મિ
(C) કૃષ્ણ દવે (D) જયંત શુક્લ

**2. 'મહેનતનો રોટલો' પાઠના લેખક કોણ છે ?**
(A) નરોત્તમ વાળંદ (B) ગિજુભાઈ બધેકા
(C) પન્નાલાલ પટેલ (D) હર્ષદ ત્રિવેદી

**3. 'સુંદર સુંદર' કવિતાના કવિ કોણ છે ?**
(A) સુરેશ દલાલ (B) ધર્મેન્દ્ર માસ્તર
(C) કૃષ્ણ દવે (D) જયંત શુક્લ

**4. 'શરદીના પ્રતાપે' કોની રચના છે ?**
(A) રમણલાલ સોની (B) જુગતરામ દવે
(C) બાલમુકુન્દ દવે (D) જ્યોતીન્દ્ર દવે

**5. 'નર્મદામૈયા'ના લેખક કોણ છે ?**
(A) અમૃતલાલ વેગડ (B) ધ્રુવ ભટ્ટ
(C) રમણલાલ સોની (D) ગિજુભાઈ બધેકા

**6. કયા કવિએ 'અલ્લક-દલ્લક' કાવ્યની રચના કરી છે ?**
(A) કૃષ્ણ દવે (B) બાલમુકુન્દ દવે
(C) જયંત શુક્લ (D) સુરેશ દલાલ

**7. નીચેના પૈકી કયું કાવ્ય યોસેફ મેકવાન દ્વારા લખાયું છે ?**
(A) 'પર્વત તારા'
(B) 'સુંદર સુંદર'
(C) 'ચાંદલો ગમે'
(D) 'ચરણોમાં'

**8. નીચેના પૈકી કર્તા અને કૃતિનું કયું જોડકું સાચું છે ?**
(A)'હિંડોળો' - દોલત ભટ્ટ
(B) 'ચબૂતરો' - રમણલાલ સોની
(C) 'સુભાષિતો' - કુમારપાળ દેસાઈ
(D) 'ભૂલની સજા' - પ્રકાશ લાલા

**9. 'કદર' પાઠના લેખક કોણ છે ?**
(A) દોલત ભટ્ટ (B) હાસ્યદા પંડ્યા
(C) નટવર પટેલ (D) પન્નાલાલ પટેલ

**10. 'અપંગના ઓજસ' પાઠના લેખક કોણ છે ?**
(A) કુમારપાળ દેસાઈ (B) યશવંત કડીકર
(C) જુગતરામ દવે (D) નટવર પટેલ

**11. 'ભારત રત્ન : ડૉ આંબેડકર' પાઠ કોણે લખ્યો છે ?**
(A) રમણલાલ સોની (B) હાસ્યદા પંડ્યા
(C) દોલત ભટ્ટ (D) પ્રકાશ લાલા

**12. 'ઊડે રે ગુલાલ' કાવ્યના કવિ કોણ છે ?**
(A) બાલમુકુન્દ દવે (B) કૃષ્ણ દવે
(C) નટવર પટેલ (D) સુરેશ દલાલ

**13. નીચેના પૈકી કવિ અને કવિતાનું કયું જોડકું સાચું નથી ?**
(A) 'અભિનંદન' - ઉષા ઉપાધ્યાય
(B) 'ઊડે રે ગુલાલ' - નટવર પટેલ
(C) 'પર્વત તારા' - સુરેશ દલાલ
(D) 'અલ્લક-દલ્લક' બાલમુકુન્દ દવે

**14. 'મૂલ્યવાન ભેટ'ના સર્જક કોણ છે ?**
(A) ભાગ્યેશ જહા (B) જ્યોતિબહેન ગાંધી
(C) ઉષા ઉપાધ્યાય (D) પ્રકાશ લાલા

**15. ઉષા ઉપાધ્યાય રચિત કૃતિ કઈ છે ?**
(A) 'અપંગના ઓજસ'
(B) 'ભારતરત્ન : ડૉ. આંબેડકર'
(C) 'કેટલાક પ્રસંગો'
(D) 'અમે બાંધવો સરદારના'

**16. 'ઠંડી' કવિતાના કવિ કોણ છે ?**
(A) ઝવેરચંદ મેઘાણી (B) બાલમુકુન્દ દવે
(C) કૃષ્ણ દવે (D) ધર્મેન્દ્ર માસ્તર

# વિભાગ 2 સામાન્યજ્ઞાન

વિદ્યાર્થીમિત્રો, P.S.E. માં સામાન્યજ્ઞાના 50 ગુણના પ્રશ્નો પૂછવામાં આવે છે. સામાન્યતઃ એવું જોવા મળે છે કે તમારા ધો.1 થી 5 સુધીના અભ્યાસ દરમ્યાન આવેલી બાબતોમાંથી જ આ પ્રશ્નો પૂછાતા હોય છે. તેમ છતાં વર્તમાનની કેટલીક વિગતોથી પણ આપ પરિચિત હો તે જરૂરી છે. તમે આ વિભાગની શ્રેષ્ઠ તૈયારી કરી શકો તે માટે કેટલાંક પ્રશ્નો તૈયાર કરી અહીં રજૂ કર્યા છે. આશા છે તે આપને ખૂબ જ ઉપયોગી નિવડશે.

**1. નીચેના પૈકી ‘કાળા સોના’ તરીકે કોને ઓળખવામાં આવે છે ?**

(A) અબરખ (B) કોલસો
(C) હીરો (D) પેટ્રોલિયમ

**2. પૃથ્વી પર કુલ કેટલા ભૂમિખંડો આવેલા છે ?**

(A) નવ (B) સાત
(C) પાંચ (D) ચાર

**3. નીચેના પૈકી રાત્રિના અંધકારમાં કોણ સ્પષ્ટ જોઈ શકે છે ?**

(A) ઘુવડ (B) ગાય
(C) પોપટ (D) કૂતરો

**4. પંડિત જવાહરલાલ નહેરુએ કયું સૂત્ર આપ્યું હતું ?**

(A) જય જવાન - જય કિસાન
(B) આરામ હરામ હૈ
(C) ઈન્કલાબ જિંદાબાદ
(D) અંગ્રેજો ભારત છોડો

**5. આપણા દેશના વડાપ્રધાનનું નામ જણાવો.**

(A) શ્રી વિજયભાઈ રૂપાણી
(B) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(C) ડૉ. મનમોહનસિંહ
(D) શ્રી રામનાથ કોવિંદ

**6. ભારતમાં કયા રાજ્યને સૌથી લાંબો દરિયાકાંઠો મળ્યો છે ?**

(A) મહારાષ્ટ્ર (B) કેરળ
(C) તમિલનાડુ (D) ગુજરાત

**7. ગુજરાતી ખેલાડી પાર્થિવ પટેલ કઈ રમત સાથે સંલગ્ન છે ?**

(A) બિલિયર્ડ (B) તીરંદાજી
(C) ક્રિકેટ (D) કબડ્ડી

**8. નીચેના પૈકી શ્રીરામનાં પત્ની સીતાનું બીજું નામ કયું છે ?**

(A) પૃથા (B) કુંતેશ્વરી
(C) વૈદેહી (D) ગાંધારી

**9. વનસ્પતિના રસોડા તરીકે કોણ ઓળખાય છે ?**

(A) મૂળ (B) પ્રકાંડ
(C) પર્ણ (D) પુષ્પ

**10. કયો વાયુ જીવવા માટે અત્યંત જરૂરી છે ?**

(A) મિથેન (B) નાઈટ્રોજન
(C) ઓક્સિજન (D) કાર્બન ડાયોક્સાઈડ

**11. ‘કારતક સુદ પાંચમ’ના દિવસે કયો તહેવાર મનાવાય છે ?**

(A) નાગપાંચમ (B) લાભપાંચમ
(C) ભરડાપાંચમ (D) ઉત્તરાયણ

**12. મહાનગરપાલિકાના વડાને શું કહે છે ?**

(A) નગરપતિ (B) મેયર
(C) સરપંચ (D) ચીફ ઑફિસર

**13. કરોળિયો કેટલા પગ ધરાવે છે ?**

(A) આઠ (B) દસ
(C) છ (D) ચાર

**14. નીચેના પૈકી કયો અવકાશી પદાર્થ પૃથ્વીની આસપાસ ફરે છે ?**

(A) સૂર્ય (B) મંગળ
(C) ચંદ્ર (D) ગુરુ

**15. નીચેના પૈકી કઈ વનસ્પતિ ‘છોડ’ પ્રકારની છે ?**

(A) ગુલમહોર
(B) ગલગોટા
(C) ગરમાળો
(D) બાવળ

Alankar Publication

1. **નીચેની સંખ્યાઓની જોડમાંથી કઈ બે સંખ્યાઓનો ગુણાકાર 135 થાય છે ?**
(A) 15 અને 7 (B) 25 અને 6
(C) 9 અને 15 (D) 25 અને 5

2. **3894માં 8ની સ્થાનકિંમત કેટલી ?**
(A) 80 (B) 800
(C) 8000 (D) 8

3. **4, 6, 3, અને 2 અંકો વડે બનતી સૌથી નાની સંખ્યા કઈ ?**
(A) 2364 (B) 4236
(C) 2346 (D) 3246

4. **1139 અને 23ના ગુણાકારમાં એકમનો અંક કયો આવશે ?**
(A) 1 (B) 3
(C) 9 (D) 7

5. **9 - 65 ÷ 13 + 4 = .........**
(A) 8 (B) 0
(C) 18 (D) 9

6. **ચાર લાખ છ હજાર પંચાણુને અંકમાં કેવી રીતે લખાય ?**
(A) 400000600095 (B) 40060095
(C) 406095 (D) 400695

7. **એક મીટર કાપડનો ભાવ 12 રૂપિયા છે. તો 4320 રૂપિયામાં કેટલા મીટર કાપડ આવે ?**
(A) 350 (B) 360
(C) 340 (D) 300

8. **213ને શબ્દોમાં......... કહે છે ?**
(A) બે તેર (B) બે એક ત્રણ
(C) બસો તેર (D) એકવીસ ત્રણ

9. **3405માં દશકનો અંક કયો છે ?**
(A) 4 (B) 3
(C) 0 (D) 5

10. **3 હાથી અને 2 પોપટના પગ કેટલા ?**
(A) 10 (B) 12
(C) 14 (D) 16

11. **એક જંગલમાં 635 ઝાડ હતાં તેમાંથી 315 ઝાડ પડી ગયાં તો કેટલાં ઝાડ ઊભાં રહ્યાં ?**
(A) 420 (B) 320
(C) 330 (D) 315

12. **365માં એકમ અંક અને દશક અંકનો સરવાળો કેટલો થાય ?**
(A) 12 (B) 11
(C) 8 (D) 9

13. **8 ને 5 વડે ગુણી 2 વડે ભાગતાં શું મળે ?**
(A) 40 (B) 4
(C) 10 (D) 20

14. **નીચેનામાંથી એકી સંખ્યા શોધો.**
(A) 352 (B) 406
(C) 443 (D) 508

15. **999 અને 1001 વચ્ચેની સંખ્યા કઈ મળે ?**
(A) 9990 (B) 1000
(C) 998 (D) 1099

16. **123, 232, 181, 207ને ચઢતા ક્રમમાં ગોઠવો.**
(A) 232, 207, 181, 123
(B) 123, 207, 181, 232
(C) 123, 181, 207, 232
(D) 123, 181, 232, 207

17. **ત્રણ હજાર પાંચસો સાતને અંકોમાં લખતાં.....**
(A) 35007 (B) 3507
(C) 30507 (D) 3000507

18. **998 પછીની તરતની સંખ્યા કઈ ?**
(A) 999 (B) 997 (C) 1000 (D) 996

19. **45 < 57 તો બંનેની બાદબાકી શું થાય ?**
(A) 8 (B) 12
(C) 11 (D) 9

20. **ઉતરતા ક્રમમાં ગોઠવો : 991, 989, 995, 990**
(A) 995, 990, 991, 989
(B) 995, 991, 990, 989
(C) 995, 991, 989, 990
(D) 991, 990, 989, 995

1. **કીડી કેવી રીતે તેની સાથી કીડીઓને શોધી શકે છે ?**
   (A) ગંધ દ્વારા (B) તાપમાન દ્વારા
   (C) જોઈને (D) વિદ્યુત તરંગો દ્વારા
2. **જે પ્રાણીઓ ફક્ત રાત્રે જાગે છે તે કેટલા રંગો જોઈ શકે છે ?**
   (A) લીલો રંગ
   (B) બધા જ રંગો
   (C) ફક્ત કાળો અને સફેદ
   (D) થોડા રંગ
3. **પક્ષીઓ અવાજ કઈ રીતે સાંભળી શકે છે ?**
   (A) કાન દ્વારા
   (B) નાના છિદ્રો દ્વારા
   (C) પીંછા દ્વારા
   (D) ચાંચ દ્વારા
4. **ગુજરાતમાં સિંહ માટેનું અભયારણ્ય કયાં આવેલું છે ?**
   (A) ડેડિયાપાડા (B) સાપુતારા
   (C) નળસરોવર (D) સાસણગીર
5. **આપણું રાષ્ટ્રીય જળચર પ્રાણી કયું છે ?**
   (A) કાચબો (B) ડોલ્ફિન
   (C) મગર (D) વ્હેલ
6. **સ્લોથ પ્રાણી દિવસના આશરે કેટલા કલાક વૃક્ષની ડાળી પર ઊંધા લટકી ઊંઘવામાં વિતાવે છે ?**
   (A) અઢાર કલાક (B) ચોવીસ કલાક
   (C) બાર કલાક (D) દસ કલાક
7. **'જીમકોર્બેટ નેશનલ પાર્ક' કયા રાજ્યમાં આવેલું છે ?**
   (A) મહારાષ્ટ્ર (B) ગુજરાત
   (C) ઉત્તરાખંડ (D) રાજસ્થાન
8. **સાપને નચાવવા માટે મદારી કયું વાદ્ય વગાડે છે ?**
   (A) શંખ
   (B) બીન
   (C) ખંજરી
   (D) વાંસળી
9. **સાપના ખેલ બતાવનારને શું કહેવાય છે ?**
   (A) જાદુગર (B) નટ બજાણિયા
   (C) જોકર (D) મદારી
10. **ભારતમાં નીચેનામાંથી કયો સાપ સૌથી ઝેરી છે ?**
   (A) જળચર સાપ (B) આંધળી ચાકણ
   (C) કોબ્રા (D) વાઈન સ્નેક
11. **સાપના ખેલ બતાવનાર લોકોનું પરંપરાગત નૃત્ય કયા નામે ઓળખાય છે ?**
   (A) કાલબેલિયા (B) રાસ-ગરબા
   (C) ભાંગડા (D) કુચીપુડી
12. **જીભના કયાં ભાગમાં ગળ્યો સ્વાદ જણાય છે ?**
   (A) ડાબી બાજુ (B) પાછળ
   (C) આગળ (D) જમણી બાજુ
13. **જીભના પાછળના ભાગમાં કયો સ્વાદ જણાય છે ?**
   (A) ખાટો (B) કડવો
   (C) ગળ્યો (D) ખારો
14. **સ્વાદના કુલ કેટલા પ્રકાર હોય છે ?**
   (A) ચાર (B) આઠ
   (C) પાંચ (D) છ
15. **આમળા સ્વાદે કેવા લાગે છે ?**
   (A) તૂરા (B) કડવા
   (C) ગળ્યા (D) ખાટા
16. **નીચેના પૈકી કયા ખોરાકના પાચન માટે વધારે સમય લાગે છે ?**
   (A) ઉકાળેલું દૂધ
   (B) આખું બાફેલું ઈંડું
   (C) કાચું દૂધ
   (D) કાચું ઈંડું
17. **કઈ ઋતુમાં ખોરાક ઝડપથી બગડી જાય છે ?**
   (A) શિયાળો (B) ઉનાળો
   (C) ચોમાસું (D) શરદ ઋતુ

Alankar® Publication

## વિભાગ - 1 (ગુજરાતી)

1. 'એક પાળ માથે પારેવડું, પારવડે રાતી આંખ' કાવ્યપંક્તિના કવિ કોણ છે ?
(A) મહેન્દ્ર મેઘાણી (B) પ્રહલાદ પારેખ
(C) કૃષ્ણ દવે (D) ઝવેરચંદ મેઘાણી

2. 'કંઈ એકલા ખવાય ?' વાર્તા લેખક કોણ છે ?
(A) ગિજુભાઈ બધેકા (B) મોહનભાઈ પટેલ
(C) હર્ષદ ત્રિવેદી (D) ધીરબેન પટેલ

3. 'વેલજીની દીકરી' પાઠના લેખક કોણ છે ?
(A) માવજી મહેશ્વરી (B) કરસનદાસ લુહાર
(C) જ્યોતીન્દ્ર હ.દવે (D) ઈશ્વર પરમાર

4. નીચેનામાંથી લેખક અને પાઠનું કયું જોડકું સાચું છે ?
(A) 'કંઈ એકલા ખવાય ?' - જુગતરામદવે
(B) 'ઠાગાઠૈયા કરું છું' - મોહનભાઈ પટેલ
(C) બકરીબહેન - ગિજુભાઈ બધેકા
(D) બતકનું બચ્ચું - ધીરુબહેન પટેલ

5. નીચેના પૈકી કવિતા અને કવિના નામનું કયું જોડકું સાચું નથી ?
(A) 'ઠંડી' - કૃષ્ણ દવે
(B) 'સાદ કરે છે !' ઝવેરચંદ મેઘાણી
(C) 'હું તો પૂછું' - સુંદરમ્
(D) 'સૈનિક સૈનિક રમીએ' - ડૉ. પ્રકાશ દવે

6. 'નમીએ તુજને' કવિતાના કવિનું નામ શું છે ?
(A) સુંદરમ્ (B) ઉમાશંકર જોષી
(C) જયંત શુક્લ (D) સ્નેહરશ્મિ

7. 'મૂરખના સરદારો' પાઠના લેખકનું નામ શું છે ?
(A) ઈશ્વર પરમાર (B) ઝવેરચંદ મેઘાણી
(C) જ્યોતીન્દ્ર હ. દવે (D) ડૉ. કનૈયાલાલ ભટ્ટ

8. 'સોનેરી પંખી' પાઠનાં લેખિકા કોણ છે ?
(A) શ્રદ્ધા ત્રિવેદી (B) દર્શના ધોળકિયા
(C) નીતા રામૈયા (D) ધીરુબહેન પટેલ

9. આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો. પુણ્ય, યાદ, વાતચીત, શ્વાસ, શાંતિ
(A) પુણ્ય, યાદ, વાતચીત, શાંતિ, શ્વાસ
(B) પુણ્ય, યાદ, વાતચીત, શ્વાસ, શાંતિ
(C) પુણ્ય, વાતચીત, યાદ, શાંતિ, શ્વાસ
(D) યાદ, પુણ્ય, વાતચીત, શ્વાસ, શાંતિ

10. આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો. પિકનિક, પંચમહાલ, પીંછું, પિકદાની, પૈસાદાર
(A) પિકનિક, પિકદાની, પંચમહાલ, પીંછું, પૈસાદાર
(B) પિકનિક, પિકદાની, પીંછું, પંચમહાલ, પૈસાદાર
(C) પિકદાની, પિકનિક, પીંછુ, પંચમહાલ, પૈદાદાર
(D) પિકદાની, પિકનિક, પંચમહાલ, પીંછું, પૈસાદાર
(E) પંચમહાલ, પિકનિક, પિકદાની, પીછું, પૈસાદાર

11. નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.
(A) શીલ્પી (B) આબેહૂબ
(C) તરકિબ (D) નિષ્ણાંત

12. નીચેનમાંથી સાચી જોડણીવાળો શબ્દ શોધો.
(A) હરીશ્ચંદ્ર (B) વિદ્યાર્થીની
(C) નિશ્ચિત (D) હાઈસ્કુલ

13. 'આંખ વાળી લેવી' રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?
(A) ગુસ્સો પ્રગટ કરવો (B) આંખ બંધ કરવી
(C) દુઃખી હૃદયે વિદાય લેવી
(D) ગુસ્સા સાથે નારજગી વ્યક્ત કરવી

14. 'મોલ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?
(A) મૂલ (B) પાક
(C) અમોલ (D) મૂળ

15. 'અજવાળું' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?
(A) પ્રકાશ (B) અજવાસ
(C) અંધારું (D) પ્રભાત